# ઈરાન સાથે યુદ્ધનો અંત આવ્યો છે: ટ્રમ્પની જાહેરાત

**ઇરાન** સાથે આ સપ્તાહમાં જ યુરોપમાં સંધિ પર હસ્તાક્ષર થશે એમ પણ અમેરિકી પ્રમુખે જણાવ્યું

**ઇરાન** અણુ શસ્ત્રો નહીં વિકસાવવા સહમત થયું છે, હોર્મુઝની સામુદ્રધૂનિ પણ ખુલશે

**ઇરાની** વિદેશમંત્રીએ પણ કરારની તૈયારી હોવાનું જણાવ્યું, પાકિસ્તાને કહ્યું તે બાકીની બાબતો પૂર્ણ કરવા કાર્યરત છે

**કરારની** બનાવટી શરતો લીક કરવા બદલ ટ્રમ્પે ઇરાની અધિકારીઓને વખોડ્યા

વોશિંગ્ટન, ૧૨ જૂનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથેના યુદ્ધનો અંત લાવવા માટેની સંધિ લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને આ સપ્તાહના અંતમાં યુરોપમાં તેના પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. ઈરાનના તેલ ઉદ્યોગ પર નિયંત્રણ મેળવવાની ધમકી આપ્યાના ગણતરીના કલાકોમાં જ તેમણે ઈસ્લામિક રિપબ્લિક ઈરાન પરના લશ્કરી હુમલાઓ રોકી દીધા હતા.

ગુરુવારે બપોરે ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઉપરાષ્ટ્રપ્રમુખ જે. ડી. વેન્સ આ હસ્તાક્ષર સમારોહમાં હાજરી આપે તેવી અપેક્ષા છે, જે આ જ સપ્તાહના અંતમાં યુરોપમાં યોજાઈ શકે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે જણાવ્યું કે તેમણે આ વાટાઘાટોના તાજેતરના રાઉન્ડ અંગે કતાર, યુએઈ (UAE), સાઉદી અરેબિયા, બહેરીન, કુવૈત અને પાકિસ્તાન સહિત મધ્ય પૂર્વના દેશોના નેતાઓ સાથે વાતચીત કરી છે.

ત્યારબાદ, જ્યોર્જિયાના લેફ્ટનન્ટ ગવર્નર બર્ટ જોન્સ (જેઓ ગવર્નર પદ માટે ચૂંટણી લડી રહ્યા છે) ના સમર્થનમાં એક ટેલી-રેલીને સંબોધિત કરતી વખતે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકાએ ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરી દીધું છે. ટ્રમ્પે કહ્યું, મને ખબર નથી કે તમે સાંભળ્યું છે કે નહીં, પરંતુ અમે આજે (ગુરુવારે) ઈરાન સાથેનું યુદ્ધ સમાપ્ત કરી દીધું છે, અને તેઓ ક્યારેય પરમાણુ હથિયાર ન રાખવા માટે સંમત થયા છે, જેના પર અમે ભાર મૂક્યો હતો. અમારો મુખ્ય હેતુ આ જ હતો.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પણ કહ્યું હતું કે ઈસ્લામાબાદ સમજૂતી પૂર્ણ થવાની ખૂબ નજીક છે. તેમની આ પોસ્ટને ટ્રમ્પે પણ ટાંકી હતી. અરાઘચીએ કહ્યું હતું કે કરારની શરતો પ્રજા સમક્ષ યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે. જો કે ઈરાને એ અહેવાલ ખોટા ગણાવ્યા હતા કે આ કરાર પર હસ્તાક્ષર જીનીવામાં થશે. અરાઘચીની પોસ્ટ પછી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ જાહેર કર્યું હતું કે કરારના મુસદ્દા પર સહમતિ સધાઈ છે. એક્સ પર કરેલી પોસ્ટમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે બાકીના પગલાઓ અંગે પાકિસ્તાન બંને પક્ષકારો સાથે કાર્ય કરી રહ્યું છે.

આ પહેલાં, ઓવલ ઓફિસમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે શેરબજારને આ ડીલ પસંદ આવી છે અને ટૂંક સમયમાં જ તેના પર હસ્તાક્ષર કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે કરારને આખરી ઓપ મળતાં જ હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલી દેવામાં આવશે. પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઉભરી રહેલી સમજૂતી હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે, ઈરાન પરના પ્રતિબંધોને તબક્કાવાર હટાવવા માટે અને ઈરાનની જપ્ત કરાયેલી અસ્કયામતોને મુક્ત કરવાનો માર્ગ મોકળો કરે તેવી અપેક્ષા છે. વાતચીતની સંવેદનશીલતાને કારણે નામ ન આપવાની શરતે વાત કરનારા આ અધિકારીઓએ વધુ વિગતોની ચર્ચા કરવાનો ઈનકાર કર્યો હતો. બીજી બાજુ, આ કરારની શરતોને મીડિયામાં લીક કરવા બદલ ટ્રમ્પે ઈરાની અધિકારીઓની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તેમણે જે શરતો લીક કરી છે તેને જેના પર સહમતિ સધાઈ છે તે શરતો સાથે કંઈ લેવાદેવા નથી. ટ્રમ્પે ઈરાની અધિકારીઓને અપ્રમાણિક ગણાવ્યા હતા.

## તુર્કીના અંતાલ્યા એરપોર્ટ પર વિમાન રડાર એન્ટેના સાથે અથડાયું








**વિમાનમાં** સવાર તમામ 267 મુસાફરો સુરક્ષિત

**અથડામણ** એટલી જોરદાર હતી કે વિમાનની અંદર ઓક્સિજન માસ્ક આપમેળે નીચે આવી ગયા હતા

નવી દિલ્હી, તા. 12: તુર્કીના અંતાલ્યા એરપોર્ટ પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જ્યારે ટર્કિશ એરલાઇન્સનું બોઇંગ 777-3Q8 વિમાન ટેક્સીંગ દરમિયાન જમીન પર આવેલા રડાર એન્ટેનાથી અથડાયું હતું. માનવામાં આવે છે કે વિમાનની પાંખ એન્ટેનાને અથડાતા ભારે ધડાકા સાથે તે વિમાન પર પડી હતી. અથડામણ એટલી જોરદાર હતી કે વિમાનની અંદર ઓક્સિજન માસ્ક આપમેળે નીચે આવી ગયા હતા અને ઉપરના સામાન રાખવાના કેબિન ખુલતાં મુસાફરોના બેગ બહાર પડી ગયા હતા. ઇસ્તાંબુલથી આવેલા આ વિમાનમાં 267 મુસાફરો સવાર હતા. તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે એક વ્યક્તિને સામાન્ય ઇજા પહોંચી હતી. મુસાફરોએ જણાવ્યું કે અથડામણનો અવાજ ખૂબ જ ભયાનક હતો. એક મહિલા તો ગભરાઈને હિસ્ટેરિકલ થઈ ગઈ હતી. ઘટનાનો વીડિયો બનાવનારા એક રશિયન મુસાફરે જણાવ્યું કે અથડામણ બાદ વિમાનનો બહારનો ભાગ પણ ફાટી ગયો હતો.

વિમાનમાંથી ઉતાર્યા બાદ મુસાફરોને પેરામેડિક્સ અને ફાયરફાઇટર્સ દ્વારા મદદ આપવામાં આવી હતી. ટર્કિશ એરલાઇન્સે ઘટનાની ટેકનિકલ તપાસ શરૂ કરી હોવાનું જણાવ્યું છે. અકસ્માત બાદ કેટલાક મુસાફરોને સામાન મેળવવામાં લગભગ બે કલાકનો વિલંબ પણ થયો હતો.

## ભારતીય જહાજો પર ઈરાને હુમલા કર્યા હતા: ટ્રમ્પ

**અમેરિકા** સમક્ષ ભારતે વિરોધ નોંધાવ્યા બાદ ટ્રુથ સોશ્યલ પર પોસ્ટ મૂકી

વોશિંગ્ટન, ૧૨ જૂન (પીટીઆઈ): અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઈરાન પર હોર્મુઝની સામુદ્રધુનીમાંથી બહાર નીકળી રહેલા ભારતીય જહાજો પર ડ્રોન હુમલા કરવાનો આરોપ લગાવતા કહ્યું કે આ તદ્દન અસ્વીકાર્ય છે. આ અઠવાડિયે ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ ધરાવતા ત્રણ જહાજો પર હુમલો થયો હતો. જેમાંથી બુધવારે થયેલા એક હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત નીપજ્યા હતા.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે, ગઈકાલે રાત્રે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી બહાર નીકળી રહેલા ભારતીય જહાજો પર ઈરાનનો સંપૂર્ણપણે નિષ્ફળ બનાવાયેલો ડ્રોન હુમલો તદ્દન અસ્વીકાર્ય છે. આ જ પોસ્ટમાં, ટ્રમ્પે ઈરાન પર શાંતિ કરારની શરતો મીડિયામાં લીક કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, જે શરતોને ચર્ચા હેઠળના મુદ્દાઓ સાથે કોઈ લેવાદેવા નહોતી.

ટ્રમ્પની આ ટિપ્પણી ભારતે નવી દિલ્હીમાં અમેરિકી દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સને બોલાવીને ઓમાનના દરિયાકાંઠે ભારતીય નાગરિકોને લઈ જઈ રહેલા વ્યાપારી જહાજો પર અમેરિકી હુમલાઓ સામે વિરોધ નોંધાવ્યા બાદ આવી છે. ભારતે વ્યાપારી જહાજો પરના હુમલાઓને ગંભીર રીતે ચિંતાજનક ગણાવ્યા છે અને આ મામલો અમેરિકા સમક્ષ દ્રઢતાપૂર્વક ઉઠાવ્યો છે.

## જહાજો પર હુમલાઓ અંગે ભારતે અમેરિકી રાજદ્વારીને બીજી વખત તેડાવ્યા

**એક** જહાજ પરના હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોતની પુષ્ટિ થઇ તે પછી ભારતે ફરીથી અમેરિકી ચાર્જ ડી'અફેર્સને બોલાવ્યા

**અમેરિકી** દળોની આવી કાર્યવાહીને અસ્વીકાર્ય ગણાવીને સખત વિરોધ નોંધાવ્યો

**આ** પહેલા બુધવારે પણ અમેરિકી રાજદ્વારીને વિદેશ મંત્રાલયમાં બોલાવાયા હતા

નવી દિલ્હી, તા. ૧૨(પીટીઆઇ): ભારતે શુક્રવારે યુએસ ચાર્જ ડી'અફેર્સ જેસન મીક્સને સમન્સ પાઠવ્યા હતા અને તેમને જણાવ્યું હતું કે ઓમાનના દરિયાકાંઠે ભારતીય ક્રૂ મેમ્બર્સ ધરાવતા વ્યાપારી જહાજો પર અમેરિકન સૈન્યના ઘાતક અને જીવલેણ હુમલાઓ અસ્વીકાર્ય છે. આ મામલે અમેરિકી રાજદ્વારીને સપ્તાહમાં બીજી વખત બોલાવાયા છે.

અમેરિકી કાર્યવાહીમાં એક ટેન્કર જહાજના ત્રણ ભારતીય કર્મચારીઓ માર્યા ગયા હોવાનું સરકારે જણાવ્યું તેના એક દિવસ બાદ મીક્સને વિદેશ મંત્રાલયના મુખ્ય મથકે સમન્સ પાઠવવામાં આવ્યા હતા. આ પહેલા મીક્સને બુધવારે રાત્રે પણ બોલાવવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઓમાનના અખાતમાં ભારતીય નાવિકોને લઈને જતા વ્યાપારી જહાજો પર અમેરિકી નૌકાદળ દ્વારા સતત થઈ રહેલા હુમલાઓ અંગે તેમની સમક્ષ સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો, જે હુમલાઓના પરિણામે ત્રણ ભારતીય નાગરિકોના દુ:ખદ અને ટાળી શકાય તેવા મોત થયા છે. એડિશનલ સેક્રેટરી નાગરાજ નાયડુએ અમેરિકી દૂત સમક્ષ ભારતનો વિરોધ નોંધાવ્યો હતો.

અખંડ કોંગ્રેસ રચવાની અનેક નેતાઓની ભલામણ

## મમતા અને શરદ પવાર ફરી કોંગ્રેસનો હાથ પકડશે?

**તૃણમૂલ** કોંગ્રેસ અને એનસીપી પોતાના મૂળ પક્ષ કોંગ્રેસમાં વિલીન થઇ જાય તેવી અટકળો

**આ બંને** પક્ષો તરફથી પણ આ બાબતે હકારાત્મક સંકેતો મળ્યા

નવી દિલ્હી, તા. ૧૨: શું મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ અને શરદ પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી ફરી કોંગ્રેસમાં જોડાઈ જશે? તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલી કટોકટી વચ્ચે, કોંગ્રેસમાંથી અલગ થયેલા પક્ષો ફરીથી તેમના મૂળ પક્ષમાં પાછા ફરવાની યોજના બનાવી રહ્યા હોવાની રાજકીય વર્તુળોમાં જોરદાર અટકળો ચાલી રહી છે.

જ્યારે કોંગ્રેસ સંગઠનના જનરલ સેક્રેટરી કે.સી. વેણુગોપાલે ગુરુવારે તૃણમૂલના વિલીનીકરણની વાતચીતને આધારહીન અફવા ગણાવીને ફગાવી દીધી હતી, ત્યારે મહારાષ્ટ્રમાં પાર્ટીના વરિષ્ઠ નેતા નાના પટોલેએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આ પગલું આગળ વધી રહ્યું હોઈ શકે છે. પટોલેએ જણાવ્યું છે કે સમાન વિચારધારા ધરાવતા પક્ષો કોંગ્રેસમાં વિલીનીકરણની તૈયારી કરી રહ્યા છે. પટોલેએ પત્રકારોને જણાવ્યું હતું કે, શરદ પવાર અને મમતા બેનર્જી કોંગ્રેસ સાથે વિલીનીકરણ માટે પોતાનું મન બનાવી રહ્યા છે, અને સાથે જ તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ગઠબંધન નહીં, પરંતુ વિલીનીકરણ હશે. પટોલેએ આગળ એવો પણ દાવો કર્યો હતો કે NCP-SPના વિલીનીકરણ માટેનો પ્રસ્તાવ શરદ પવાર દ્વારા પહેલેથી જ આપવામાં આવ્યો છે અને તે પ્રક્રિયા હેઠળ છે.

NCP તરફથી, પવાર સાહેબ તરફથી પ્રસ્તાવ અગાઉ જ આપવામાં આવ્યો હતો પરંતુ કેટલાક કારણોસર તેમાં વિલંબ થયો હતો. આ પ્રક્રિયા હવે રાષ્ટ્રીય સ્તરે શરૂ થઈ ગઈ છે, અને તે તૃણમૂલ કોંગ્રેસ હોય કે પવાર સાહેબ, તમામ હવે કોંગ્રેસ સાથે વિલીનીકરણની ઈચ્છા દર્શાવી રહ્યા છે એમ પટોલેએ દાવો કર્યો હતો.

### કોંગ્રેસ ઈચ્છે છે કે TMC પોતે દરખાસ્ત મૂકે

આ અઠવાડિયે ઉપરાઉપરી થયેલી TMC-કોંગ્રેસ બેઠકો બાદ અફવાઓનું બજાર ગરમ થયું છે– પહેલા મંગળવારે તૃણમૂલ પ્રમુખ મમતા બેનર્જીની કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી સાથે મુલાકાત થઈ અને ત્યારબાદ બુધવારે TMC જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જીની વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે બેઠક થઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર, બુધવારની આ બેઠક જે દોઢ કલાક સુધી ચાલી હતી, તેમાં અભિષેક બેનર્જીએ જણાવ્યું હતું કે તૃણમૂલ મજબૂત ગઠબંધન ઈચ્છે છે અને વિપક્ષી જૂથમાં રાહુલ ગાંધીના નેતૃત્વનો સ્વીકાર કરે છે. જો કે, કોંગ્રેસે સ્પષ્ટ કરી દીધું છે કે વિલીનીકરણ માટેનો કોઈપણ પ્રસ્તાવ તૃણમૂલ તરફથી જ આવવો જોઈએ અને તે આવા કોઈ પગલા માટે દબાણ કરી રહી નથી.

## પાકિસ્તાને સંરક્ષણ બજેટમાં 17.6 ટકાનો વધારો કર્યો

**2026**-27ના નાણાકીય વર્ષ માટે સંરક્ષણ ખર્ચ ગયા વર્ષના 2440 અબજ રૂપિયાથી વધારીને 3,000 અબજ પાકિસ્તાની રૂપિયા કરવામાં આવ્યો

ઈસ્લામાબાદ, તા. 12 (પીટીઆઈ): પાકિસ્તાને 2026-27ના નાણાકીય વર્ષ માટે પોતાના સંરક્ષણ ખર્ચમાં 17.6 ટકાનો વધારો કરીને તેને 3,000 અબજ પાકિસ્તાની રૂપિયા સુધી પહોંચાડ્યો છે. ગયા વર્ષે સંરક્ષણ માટે 2,550 અબજ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. નાણાં અને મહેસૂલ મંત્રી મુહમ્મદ ઔરંગઝેબે નેશનલ એસેમ્બલીમાં બજેટ રજૂ કરતાં આ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું કે આગામી વર્ષ માટે કુલ કેન્દ્રીય બજેટ 18,771 અબજ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે અને જીડીપી વૃદ્ધિ દરનો લક્ષ્યાંક 4 ટકા રાખવામાં આવ્યો છે. બજેટમાં દેવાની ચૂકવણી અને વ્યાજ માટે 8,054 અબજ રૂપિયા, પેન્શન માટે 1,169 અબજ રૂપિયા અને સબસિડી માટે 1,091 અબજ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર ક્ષેત્ર વિકાસ કાર્યક્રમ (PSDP) માટે 1,000 અબજ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

સરકારે કરવેરા વસૂલાતનો લક્ષ્યાંક 15,264 અબજ રૂપિયા અને બિન-કર આવક 5,336 અબજ રૂપિયા રાખી છે. આગામી વર્ષ માટે નિકાસનો લક્ષ્યાંક 32.8 અબજ ડોલર અને આયાતનો લક્ષ્યાંક 70 અબજ ડોલર નક્કી કરવામાં આવ્યો છે. બજેટમાં કોઈ નવી વિકાસ યોજનાની જાહેરાત કરવામાં આવી નથી. વડા પ્રધાન શહેબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટે બજેટને મંજૂરી આપી હતી. શરીફે કરરાહત અને આર્થિક પ્રગતિ માટે પગલાં લેવાની ખાતરી આપી હતી. બીજી તરફ, વિરોધ પક્ષ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)એ સત્ર દરમિયાન ઈમરાન ખાનની સતત કેદનો વિરોધ નોંધાવ્યો હતો.

તા. ૧૨-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૧° સે. | ૨૯.૬° સે. | ૬૨% |

## વિશ્વભરમાં ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ ખોરવાયું, હજારો યુઝર્સને મુશ્કેલી

**ફેસબુક** અને ઇન્સ્ટાગ્રામની ફીડ સંપૂર્ણપણે લોડ થતી નહોતી, જ્યારે કેટલાકને લોગિન કરવામાં પણ મુશ્કેલી પડી રહી હતી

નવી દિલ્હી, તા. 12: વિશ્વભરના અનેક દેશોમાં શુક્રવારે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ખોરવાઈ ગયા હતા, જેના કારણે હજારો યુઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સાંજે લગભગ 7 વાગ્યાથી બંને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફીડ રિફ્રેશ ન થવી, કન્ટેન્ટ લોડ ન થવું અને કેટલીક સુવિધાઓનો ઉપયોગ ન કરી શકવાની ફરિયાદો સામે આવી હતી.

આઉટેજ ટ્રેકિંગ વેબસાઈટ 'ડાઉનડિટેક્ટર' અનુસાર, ટૂંકા સમયમાં જ ફરિયાદોની સંખ્યામાં ભારે વધારો નોંધાયો હતો. ભારત સહિત અનેક દેશોના યુઝર્સે એકસાથે સમાન પ્રકારની સમસ્યાઓની જાણ કરી હતી. કેટલાક યુઝર્સે જણાવ્યું કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની ફીડ સંપૂર્ણપણે લોડ થતી નહોતી, જ્યારે કેટલાકને લોગિન કરવામાં પણ મુશ્કેલી પડી રહી હતી.

ઘણા યુઝર્સે એક્સ સહિતના અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જઈને સમસ્યા અંગે માહિતી મેળવી હતી. કેટલાક માટે વેબસાઈટ સામાન્ય રીતે કામ કરતી હતી, પરંતુ મોબાઈલ એપ્સમાં નવી પોસ્ટ્સ અથવા ટાઈમલાઈન રિફ્રેશ થતી ન હતી. આથી ટેક નિષ્ણાતોનું માનવું છે કે સમસ્યા યુઝર્સના ઈન્ટરનેટ અથવા ડિવાઈસમાં નહીં પરંતુ મેટાની આંતરિક સર્વર સિસ્ટમમાં હોઈ શકે છે. આ ખલેલની અસર ફેસબુક મેસેન્જર પર પણ જોવા મળી હતી. ડાઉનડિટેક્ટર પર માત્ર ફેસબુક સંબંધિત 1 લાખથી વધુ ફરિયાદો નોંધાઈ હતી. સમાચાર લખાય છે ત્યાં સુધી મેટા તરફથી ખલેલના કારણ અથવા સેવાઓ ક્યારે સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થશે તે અંગે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નહોતું.


### -: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

**નવસારી** ડીસ્ટ્રીકટ, **નવસારી** સબ-ડીસ્ટ્રીકટના મોજે **અષ્ટગામના** બ્લોક નં. ૯૩૬, ખાતા નં. **૧૯૦**, જેનું ક્ષેત્રફળ હે.આરે. **૧-૫૮-૮૪** ચો.મી., આકાર રૂા. **૯.૫૬** પૈસાવાળી જુની શરતની જમીન તેના અગાઉના માલિક ચંદ્રકાન્ત મગનભાઈ પટેલ પાસેથી **રમેશભાઈ બાવચંદ રાખોલીયા** નાએ તા. ૨૯/૨/૨૦૨૪ ના રોજના રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૮૪૨ ની રૂએ ખરીદ કરેલ છે અને તે રીતે સદરહુ જમીન **રમેશભાઈ** બાવચંદ રાખોલીયાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થામાં ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે આજદિન સુધી સદરહુ જમીન કોઈ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી કે તે અંગે કોઈપણ નોટીસ બજેલ નથી કે મજકુર જમીન દીવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટ કચેરીના પ્રકરણમાં દાવાનો વિષય નથી કે સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થાને સાટાખત, વીલ, બક્ષીસ કે એવા કોઈપણ પ્રકારના વેચાણને લગતાં લખાણો આજદીન સુધી કરી આપેલ નથી કે સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિતના આવવા-જવાના ઈઝમેન્ટના હકકો નથી કે તેવા કોઈપણ કરાર કે લખાણ કરેલ નથી. તેમજ હાલમાં સદરહું જમીનના રેવન્યુ રેકર્ડ પર **ચંદ્રકાન્ત મગનભાઈ પટેલ**નાનું નામ ચાલી આવેલ છે. જેઓનું નામ કમી કરી સદરહું જમીનના કાયદેસરના માલીક, મુખત્યાર, કબજેદાર તરીકે **રમેશ**ભાઈ બાવચંદ રાખોલીયાનું નામ રેવન્યુ રેકર્ડ પર દાખલ કરવા અંગેની ખર્ચ સહીતની જવાબદારી સ્વીકારી તથા સદરહુ જમીનના સંપુર્ણ ટાઇટલ કલીયર છે તેવુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે તેમ છતાં સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, સંસ્થા, વ્યકિત, વારસદારો યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે **દિન-૭** માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ/લખાણ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળઃ સુરત, તા.૧૨/૦૬/૨૦૨૬**
**ઓફીસ : ૪૨૧/એ, સ્કવેર વન કોમર્શીયલ, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત. મો.૯૯૦૯૮ ૯૬૯૭૦ / ૯૭૨૭૩ ૮૯૬૮૭**

**સની એ. કદમ**
**મહેશ આર. મોરે**
**મુકેશ એલ. ભામરે**
તે ખરીદનારના એડવોકેટ્સ



### Public Notice for Cancellation of General Power of Attorney

We, the undersigned Advocates, hereby inform the general public through this public notice that:District: Surat, Sub-District: Palsana, **Village: Bagumara**, bearing Khata No. 268, 1. Revenue Survey No. 424/3, **Block No. 557**, old tenure land property admeasuring 7016 sq. meters, having assessment of Rs. 8.94 paisa 2. Revenue Survey No. 424/1, **Block No. 634**, old tenure land property admeasuring 94182 sq. meters, having assessment of Rs. 121.81 paisa, With respect to the above-mentioned land properties, our clients: 1. Aminabibi wife of Mohmmed Yusuf Surtee, 2. Rasid Ahmmed Mohmmed Surtee, 3. Rasida daughter of Mohmmed Yusuf Surtee, 4. Saida daughter of Mohmmed Yusuf Surtee, 5. Ahmmed Mohmmed Surtee, 6. Fazila alias Khadija daughter of Mohmmed Yusuf Surtee, 7. Mohmmed Anvar Mohmmed Surtee, 8. Firoza daughter of Mohmmed Surtee, who are residing abroad, had executed a General Power of Attorney in favor of Mr. Bilalahmed Abdulhamid Intwala, residing at HG-13, Jalnidhi Complex, opposite Bahumali building, Nanpura, Surat, authorizing him to represent them in all types of court proceedings related to the aforesaid properties. The said General Power of Attorney was executed by our clients before Claudia Bernadette Shalala, Practicing Attorney, R.S.A., at address: 2nd Floor, 8 Arnold Road, Rosebank, 2196. The said document was duly Adhesive and stamped at the District Treasury Office, Surat on 23/07/2012. The said Power of Attorney holder, Mr. Bilalahmed Abdulhamid Intwala, had appointed Advocates H.K. Parmar and D.V. Gandhi to represent in Civil Suit No. 21/2011 before the Hon'ble Civil Judge, Palsana. However, Two of the executants of the said General Power of Attorney, namely 1. Aminabibi wife of Mohmmed Yusuf Surtee, expired on 09/05/2016 at Johannesburg, R.S.A. And 2. Rasid Ahmed Mohmmed Surtee, expired on 16/03/2020 at Zinniaville, R.S.A. Therefore, as per Section 201 of the Indian Contract Act, 1872, the said General Power of Attorney stands automatically terminated. Further, our clients have, by notice dated 22/04/2026, formally revoked and cancelled the said General Power of Attorney. Consequently, all rights and authority granted to the Power of Attorney holder, Mr. Bilalahmed Abdulhamid Intwala, stand terminated. Hence, all members of the public, individuals, institutions, government and semi-government offices, and concerned authorities are hereby informed that the said General Power of Attorney has been cancelled. No person should hereafter enter into any agreement, transaction, or legal dealing with the said Power of Attorney holder in respect of the above-mentioned property. Further, the Advocates H.K. Parmar and D.V. Gandhi, appointed by the said Power of Attorney holder in Civil Suit No. 21/2011 pending before the Hon'ble Civil Judge, Palsana, are also hereby discharged through this public notice.Any person dealing with the said Power of Attorney holder regarding the aforesaid property after this notice shall do so at their own risk, and appropriate civil and criminal legal action shall be taken against such persons.The general public is requested to take note accordingly.

(On instructions and authority of the clients)

Rasida daughter of Mohmmed Yusuf Surtee

**JETANIVAGHASIYA ASSOCIATES**
**ROMIL R. JETANI, SAGAR D. VAGHASIYA, HARDIK B. VAGHASIYA**
**(ADVOCATES)**
Office :507, Laxmi Enclave-2, Near, Gajera School Katargam, Surat.,
Chamber :121, High Court Of Gujarat Sola, Ahmedabad. Mo. +91 81402 94863
www.jetanivaghasiyaassociates.com



### ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટી (હાલ પુણા) નાં મોજે ગામ સરથાણાની હદમાં નોંધાયેલી રહેણાંકના હેતુ માટે બિનખેતી થયેલી જમીન જેનો રે.સર્વે નં. ૧૫૯/૨, ૧૫૯, ૧૬૧/૧, ૧૬૨ તથા ૧૮૦ પૈકી, બ્લોક નં. ૧૫૪, ૧૫૫, ૧૬૫ તથા ૧૭૨ વાળી જમીન મિલકત જેનો ટી.પી. સ્કીમ નં. ૨૨, ફાઇનલ પ્લોટ નં. ૧૦/એ તથા ૧૦/બી વાળી મિલકતમાં આયોજન કરવામાં આવેલ "કવિતા રો-હાઉસ" માં આવેલ. પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૫૩ વાળી જમીન મિલકત. જેનું કુલ ક્ષેત્રફળ ૬૩૦ ચો.ફટ યાને ૫૮.૫૫ ચો.મી. વાળી બાંધકામ સહિતની મિલકત. મજકુર મિલકતનાં રોડ-રસ્તા તથા સી.ઓ.પી. નાં ફાળે પડતા વણ-વહેંચાયેલ હિસ્સા સહીતની મિલકત નાગજીભાઈ ધોહાભાઈ સાવલીયાના સીધી લીટીના વારસદારો કનુભાઇ નાગજીભાઈ સાવલીયા વિગેરે નાઓએ પોતાની સ્વતંત્ર માલીકીની હોવાનું જણાવી મારી પાસે ટાઇટલ રીપોર્ટની માંગણી કરેલ છે, જેથી સદરહુ મીલકતમાં કોઇનો કોઇપણ જાતનો ચાર્જ બોજો, લીયન યા કોઇપણ પ્રકારનો હકક હિસ્સો, લાગભાગ કે દર-દાવો હોય, તો તે અંગેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૫ માં નીચે જણાવેલા ઠેકાણે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદ્દત વિત્યે ટાઇટલ રીપોર્ટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

મારી સુચનાથી કનુભાઈ નાગજીભાઈ સાવલીયા તા. ૧૩/૦૬/૨૦૨૬

**મમતા એલ. કુમાવત** એડવોકેટ
ઠે. : ૧૭૧, ત્રિલોક સોસાયટી વેડરોડ, સુરત. મો. નં. ૯૬૦૧૫૯૨૨૦૫



### મોજે ગામ પીંજરત, તા. ઓલપાડ, જી. સુરતના બ્લોક નં. ૪૨૭ વાળી બીનખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ તા. ઓલપાડ ના મોજે ગામ પીંજરત ના રે.સર્વે નં.૧૫૫/૨/બ, જેનો બ્લોક નં. ૪૨૭, ખાતા નં. ૧૭૮૯, જેનું ક્ષેત્રફળ ૦ હેકટર ૩૨ આરે ૩૭ ચો.મી છે જેનો આકાર રૂા. ૩૨૪.૦૦ પૈસા છે તે બીનખેતી ની જમીનના માલીક/કબજેદાર (૧) કલ્પેશભાઈ ત્રિકમભાઈ નાવડીયા (૨) દિનેશભાઈ મુળજીભાઈ કળથીયા (૩) કલ્પેશભાઈ ગોરધનભાઈ કળથીયા ની પોતાની સંયુકત માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટામાં આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અમારા અસીલ ટૂંક સમયમાં બાકીનો અવેજ ચુકવી પાકો વેચાણ દસ્તાવેજ તેમની પાસેથી કરાવી લેનાર છે. તે સંજોગોમાં સદરહુ જમીનમાં કોઈપણ સરકારી કે સહકારી બેંક, મંડળી, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત-સંબધ, હિસ્સો કે દરદાવો યા આવવા-જવાના રસ્તાના ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકી, ગણોત હકક વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા પુરાવાઓ સહિત જાણ કરવી.જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસૂર થશે તો સદરહુ જમીનના તમામ હકકો અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત-સંબધ, હિસ્સો, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકી ના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહુ જમીનના તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ/લખાણો તેઓ પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહિ.જેની તમામે નોંધ લેવી.

ઓફિસ :-એ/૧, ક્રિષ્ના કોમ્પલેક્ષ, પાલનપુર જકાતનાકા, રાંદેર રોડ, સુરત. (મો. નં. ૯૮૨૫૪-૭૨૨૮૧, ૯૮૭૯૬-૩૦૮૩૩)

**કપિલ રામુભાઈ આહિર**
**કલ્પેશ એલ. પરમાર**
તે ખરીદનારનાં એડવોકેટ્સ



### જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે: જિલ્લો: સુરત, સબ-ડીસ્ટ્રીક્ટ: સુરત-૪, **મોજે ગામ: ડુમસના ખાતા નંબર: ૨૨૧૧ ના બ્લોક / સર્વે નંબર: ૭૬૦ વાળી બિનખેતીની જમીન** (જે આ આખી નોટિસમાં હવે પછી "મજકુર જમીન" તરીકે ઓળખાશે) તે અમારા અસીલની સંયુક્ત કૌટુંબિક વડીલોપાર્જિત તથા વારસાઈ હકની જમીન આવેલી છે. મજકુર જમીનમાં અમારા અસીલ નિકિતા હરીશ ભટ્ટ તથા વગેરે જેઓ મજકુર જમીનના મૂળ માલિકના કાયદેસરના વારસદાર થાય છે અને તેઓનો આ જમીનમાં જન્મસિદ્ધ કાયદેસરનો વણ-વહેચાયેલો હિસ્સો આવેલો છે. અમારા અસીલની જાણ બહાર કે સંમતિ વિના મજકુર જમીન અંગે અગાઉ કોર્ટમાં ચાલેલા સ્પે. દીવાની કેસ નં. ૩૧૦/૨૦૦૮ માં અમારા બા રમીલાબેન તે નાનુભાઇ રામશંકર ની પુત્રી એ કોઈના દબાણમાં આવીને અથવા અજ્ઞાનતાના કારણે કેસ પાછો ખેંચી લીધેલ છે. પરંતુ હિન્દુ કાયદા મુજબ બા દ્વારા કેસ પાછો ખેંચવાથી અમારા અસીલનો વડીલોપાર્જિત જમીન પરનો કાયદેસરનો વારસાઈ હક નાશ પામતો નથી. હાલમાં અમારા અસીલ મજકુર જમીનમાંથી પોતાનો કાયદેસરનો વણ-વહેચાયેલો હિસ્સો (ભાગ) છૂટો મેળવવા માટે સક્ષમ કોર્ટમાં કાનૂની કાર્યવાહી / નવો દાવો કરવાની પ્રક્રિયા કરી રહ્યા છે. આથી આ જાહેર નોટિસ દ્વારા તમામ વેપારીઓ, બિલ્ડરો, ફાઈનાન્સ કંપનીઓ, બેંકો તથા જાહેર જનતાને સાવચેત કરવામાં આવે છે કે, અમારા અસીલની લેખિત સંમતિ કે સહી વિના મજકુર જમીન (બ્લોક નં.૭૬૦) અંગે કોઈએ પણ કોઈપણ પ્રકારના સાટાખત, વેચાણ દસ્તાવેજ, ગીરોખત, બક્ષિસનામું, હક કમીના દસ્તાવેજો કરવા નહીં કે કોઈ પણ પ્રકારની નાણાંકીય લેણ-દેણ કરવી નહીં. તેમ છતાં જો કોઈ વ્યક્તિ મજકુર જમીન બાબતે અમારા અસીલના હક-હિત વિરુદ્ધ કોઈ પણ વ્યવહાર કરશે, તો તે વ્યવહાર અમારા અસીલને બિલકુલ બંધનકર્તા રહેશે નહીં અને તેવો વ્યવહાર ગેરકાનૂની અને રદબાતલ ગણાશે. તેમજ તેવા વ્યવહારથી થનારા તમામ નુકસાન અને કોર્ટ ખર્ચની જવાબદારી વ્યવહાર કરનાર પક્ષકારોની પોતાની રહેશે, જેની ગંભીર નોંધ લેવી.

તારીખ : ૧૩/૦૬/૨૦૨૬, સ્થળ: સુરત.
ઓફીસ: ૩/૨, રામનગર, સી.કે. ક્રેકર્સની સામે, રાંદેર રોડ, સુરત. મો.નં.: ૯૧૦૬૪૨૪૭૬૫

**મયુર ડી. બિજાણી**
એડવોકેટ